R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬
અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા
http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )
If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭
ESTD.YEAR- 21•ISSUE: 42 DATE: 21-10-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## આર્થિક રીતે નબળા લોકોને ધ્યાનમાં રાખીને અમે સુધારા કર્યા હજુ પણ સુધારાની પ્રક્રિયા અધુરી,આર્થિક અસમાનતા દુર થાય તેવા સુધારા પર ધ્યાન કેન્દ્રીત કરવા પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહની સરકારને સલાહ

ભારતના પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે કે જેઓ આર્થિક સુધારાના પ્રણેતા તેમજ પુર્વ નાણાંમંત્રી હતા તેમણે કહ્યુ હતું કે હુ સંકળાયેલો હતો તે આર્થિક સુધારા હજી અધુરા છે. દેશની આર્થિક અને સામાજિક નીતિ માટે નવી ડિઝાઈન તૈયાર કરવા નવેસરથી વિચારણા કરવાની જરુર છે.નવી નીતિમાં આર્થિક અસમાનતા દુર કરવા અને ઊંચા આર્થિક વિકાસદર પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.

બાંગલોર ખાતે ડો.બી.આર.આંબેડકર સ્કુલ ઓફ ઈકોનોમીક્સના શૈક્ષણિક સત્રાનું ઉદ્‌ઘાટન કરતાં મનમોહનસિંહે જણાવ્યુ હતું કે હું જે આર્થિક સુધારા સાથે સંકળાયેલો હતો તેની પાછળનો આશય સામાજિક અને આર્થિક વિશેષાધિકારો વિના જન્મેલા લોકો માટે નવી તકો ખુલ્લી મુકવાનો હતો એ હજુ આ પ્રક્રિયા અધુરી છે.તેમણે જણાવ્યુ હતું કે હું ૧૯૯૧-૯૬ અને ૨૦૦૪ થી ૨૦૧૪ વચ્ચે હાથ ધરાયેલા મુક્ત અર્થતંત્રના આર્થિક સુધારા સાથે સંકળાયેલ હતો.આ તમામ આર્થિક સુધારા સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને નવી તકો મળે તે ધ્યાનમાં રાખી કરતા હતા.અમારા આર્થિક સુધારાનું આ મુખ્ય લક્ષાંક હતુ.તેમણે જણાવ્યુ હતું કે હું કબુલાત કરુ છું કે અમે હાથ ધરેલી આર્થિક સુધારાની પ્રક્રિયા હજુ અધુરી છે.

પુર્વ વડાપ્રધાને જણાવ્યુ હતું કે આપણા પ્રજાસત્તાક દેશમાં રાજકીય સમાનતા તો છે પરંતુ સામાજિક જીવનમાં સમાનતા નથી. રાજકારણમાં આપણા દેશમાં સમાન મતાધિકાર અપાયો છે. પરંતુ સામાજિક વ્યવસ્થામાં દરેકનો સમાનતાનો અધિકાર મળતો



નથી.ક્યાં સુધી આપણે સામાજિક અને આર્થિક જીવનમાં સમાનતાને નકારતાં રહીશું ?

મનમોહનસિંહે જણાવ્યુ હતું કે વિકાસ આયોજન અને આયોજન પંચની રચના આર્થિક વૃધ્ધિ માટે કરાઈ હતી. પરંતુ તેમાં આર્થિક અસમાનતા ન વધે તેનું ખાસ ધ્યાન રખાતું હતું.હવે આયોજન પંચ નાબુદ કરી દેવાયું છે.ત્યારે અસમાનતા નિયંત્રણમાં રહે તે માટે નવેસરથી પ્રયાસો કરવા જોઈએ.

## ગોધરાકાંડ :ગુજરાત સરકાર સુપ્રીમમાં જઇ ફાંસીની સજા કાયમ રખાવવા વિશ્વ હિંદુ પરિષદની માંગ

ગોધરા હત્યાકાંડના મામલે ડેઝીગનેટેડ કોર્ટના ચુકાદા સામે થયેલી વિવિધ અપીલમાં ચુકાદો આપતાં હાઈકોર્ટના જસ્ટીસ એ.એસ.દવે અને જટી જી.આર.ઉઘવાણીની ખંડપીઠે ઘટનામાં મૃત્યુ પામેલા ૫૯ કારસેવકોના વારસદારોને રુ.૧૦ લાખનું વળતર ચુકવવાનો આદેશ આપ્યો છે. રાજ્ય સરકાર છ સપ્તાહમાં આ વળતર ચુકવવાની કાર્યવાહી કરે.ખંડપીઠે નોધ્યું હતું કે ટ્રાયલ કોર્ટે તેમના ચુકાદામાં વળતરનો મુદ્દો રાજ્ય સરકાર પર છોડ્યો હતો.પરંતુ રાજ્ય સરકાર કાયદો વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહી હોવાતી મૃતકો અને ઈજાગ્રસ્તોને વળતર ચુકવવાને પાત્ર બને છે.

ગુજરાત હાઈકોર્ટે ૧૧ આરોપીઓને ફાંસીની સજાને આજીવન કારાવાસમાં તબદીલ કરી નાંખી હતી.આ ચુકાદા અંગે વિએચપીએ પોતાની પ્રતિક્રિયા આપતાં ગુજરાત સરકાર સુપ્રીમ કોર્ટમાં જઈને ફાંસીની સજા કાયમ રખાવે એ માટે જણાવ્યુ હતું.જો કે જમિયત ઉલેમાએ હિંદે આંશિક સંતોષની લાગણી વ્યક્ત કરીને નિર્ણયને આવકાર્યો હતો.

જો કે મુખ્યમંત્રી રુપાણીએ આ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવાનો સંકેત આપ્યો હતો.તેમણે કહ્યુ હતું કે ચુકાદાનો અભ્યાસ કર્યા પછી સરકાર ઉપલી કોર્ટમાં અપીલ કરશે.

## બ્રિટિશ લેખક કાઝુઓને સાહિત્યનું નોબેલ મળ્યું

બ્રિટશ લેખક કાઝુઓ ઈશિગુરોને તેમની નવલકથા 'ધ રિમેઈન્સ ઓફ ધ ડે' માટે આ વર્ષના સાહિત્યના નોબેલ પારિતોષિકથી સન્માનિત કરાયા છે.આ નોવેલ પરથી ફિલ્મ પણ બની છે.સ્વીડીશ એકડેમીએ તેમનું નામ જાહેર કરતાં કહ્યુ હતું કે ૬૨ વર્ષીય કાઝુઓએ તેમની નવલકથામાં ભાવનાત્મક બળથી વિશ્વ સાથેના આપણા જોડાણની ભ્રમણાનો પર્દાફાશ કર્યો છે. ઈશીગુરોએ આઠ પુસ્તકો લખ્યા છે અને ફિલ્મ તથા ટીવી માટે સ્ક્રીપ્ટ પણ લખી છે.૧૯૮૯માં તેમને તેમની ઉપરોકત કૃતિ માટે જ મેન બુકર પ્રાઈઝથી સન્માનિત કરાયા હતા.આ પુસ્તક એક દંપતી પોતાના પુખ્ત વયના પુત્રને મળવાની આશામાં બ્રિટનના માર્ગો પર નીકળી પડે છે.જેને તેઓ વર્ષોથી મળ્યા નથી.આશ્ચર્યની વાત એ છે કે આ વખતે સાહિત્યના નોબેલ પારિતોષિક માટે ઈશિગુરોનું નામ ફેવરીટ તરીકે ચર્ચામાં ન હતું મુળ જાપાનના નાગાસાકીમાં જન્મેલા કાઝુઓ માત્ર પાંચ વર્ષના હતા ત્યારથી તેમના પરિવાર સાથે બ્રિટનમાં સ્થાયી થઈ ચુક્યા છે.પુખ્ત વયના થયા ત્યારે છેક તેમણે જાપાનની મુલાકાત લીધી હતી.ઈશિગુરોએ એક ઈન્ટરવ્યુમાં કહ્યુ હતું કે હું યુધ્ધ પહેલાં અને યુધ્ધ પછીની પરિસ્થિતિ તરફ વિશેષ આર્કષાયો છું.કારણ કે મુલ્યો અને આદર્શની જે કસોટી થાય છે તેમાં મને રસ છે.અને લોકોને તેમાં સમજાય છે કે તેમના આદર્શો યુધ્ધ પહેલાં જે હતા તે યુધ્ધ પછી એવા જ રહ્યા નથી.

## પુણે ફિલ્મ એન્ડ ટેલીવીઝન ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડીયાના નવા ચેરમેન તરીકે અનુપમ ખેરની નિમણુંક કરાઇ

ગજેન્દ્ર ચૌહાણની નિમણુંક થતાં પુણેની ફિલ્મ એન્ડ ટેલીવિઝન ઈન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓએ ભારે વિરોધ નોધાવેલો અને દેશભરમાં પ્રદર્શનો કરવામાં આવ્યા હતા.જો કે હવે ચેરમેન તરીકે અનુપમ ખેરની નિમણુંક થતાં વિદ્યાર્થીઓ શાંતિનો અહેસાસ કરી શકશે.

અનુપમ ખેરની અભિનય ક્ષમતા અને પ્રતિભાને કારણે તેમને દેશ-વિદેશમાં ખ્યાતિ મળેલી છે.સારાંશથી પોતાની કેરીયર શરુ કર્યા બાદ તેમણે તેમની કારકીર્દી દરમિયાન અનેક વિવિધસભર ભુમિકાઓ ભજવી છે.ઉપરાંત નાટકો તથા ક્રોસ ઓવર પ્રોજેકટ પણ કર્યા છે.તેમના વિશાળ અનુભવનો લાભ હવે ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓને મળી શકશે.ગત વર્ષે ગજેન્દ્ર ચૌહાણની નિયુક્તિની જાહેરાત થવાની સાથે ઈન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓએ વિરોધ નોધાવ્યો હતો.મહાભારતમાં યુધિષ્ઠિરની ભુમિકાએ તેમને ખ્યાતિ અપાવી હતી.તે પછ તેમને કોઈ ખાસ રોલ મળ્યા નહોતા.ગજેન્દ્ર ચૌહાણની નિયુક્તીને વિરોધ પક્ષોએ પણ આવકારી નહોતી.દેશભરમાં વિરોધ થવા છતાં ગજેન્દ્ર ચૌહાણે રાજીનામું આપ્યુ નહોતું.વિદ્યાર્થીઓએ જ્યાં સુધી ગજેન્દ્ર ચૌહાણને પદ પરથી હટાવાય નહીં ત્યાં સુધી ક્લાસમાં હાજરી નહી આપી વિરોધ દર્શાવ્યો હતો. સરકારે વિદ્યાર્થીઓ સામે અનેક પગલાં લીધા હતા પરંતુ સરકારીની કારી ફાવી નહોતી.આખરે અનુપમ ખેરની નિમણુંકને કારણે વિદ્યાર્થીઓનો વિરોધ શમી જશે તેમ લાગી રહ્યુ છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## હરિયાણાંમાં ગૌમાંસ લઇ જવાની શંકાએ ગૌરક્ષકો દ્વારા પાંચ લોકો સાથે મારપીટ

ગૌરક્ષાના નામે સરકાર એ સુપ્રીમ કોર્ટે આકરી ટીકાઓ કરી હોવા છતાં તે અંગેની ઘટનાઓ દેશમાં બની રહી છે.કેટલાક ગૌરક્ષકો દ્વારા ગૌમાંસ લઈ જવાની શંકાએ પાંચ લોકોને ખુબજ માર મારવામાં આવ્યો હતો. અને તેનો વીડીયો સોશ્યલ મીડીયા પર વાયરલ થયો હતો.પોલીસે હજુ પણ ગૌરક્ષકોની ફેવર કરી રહી છે તેમણે અજાણ્યા હુમલાખોરો સામેની ફરિયાદ નોંધી છે જ્યારે વીડીયોમાં બધાજ લોકો ઓળખી શકાય છે.પોલીસે કહ્યુ છે કે તેમણે કેસ નોંધી લીધો છે અને માંસનો જધ્ધો ગાયનો છે કે ભેસનો તેની ચકાસણી થશે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ચુંટણી પંચે હિમાચલ પ્રદેશ વિધાનસભા ચુંટણી સાથે ગુજરાત વિધાનસભા ચુંટણી કાર્યક્રમ જાહેર ન કરતાં સર્જાએલા વિવાદ પર પુર્વ મુખ્ય ચુંટણી કમિશ્નર એસ.વાય.કુરેશીએ જણાવ્યુ હતું કે ચુંટણી પંચે બંને રાજયોનો કાર્યક્રમ એક સાથે જાહેર નહીં કરીને સમાંતર ચુંટણી યોજવાના સિધ્ધાંતની વિરુધ્ધ કામકર્યુ છે.પંચે ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચુંટણીના કાર્યક્રમને એક સાથે કેમ જાહેર ન કર્યો ?ચુંટણી પંચની એવી તો કેવી મજબુરી હતી ?પરંતુ વડાપ્રધાન ગુજરાતની મુલાકાતે જઈ રહ્યા છે તેથી શંકાને કારણ મળી રહે છે તે દુર્ભાગ્યપુર્મ છે.ચુંટણી પંચનું લેવાયેલ પગલું સમાંતર ચુંટણી યોજવાના સિધ્ધાંતની વિરુદ્ધ છે.ખેર છેલ્લા ત્રણ વર્ષમાં કાયદાઓ તોડવાની પ્રક્રિયા ચાલી રહી છે.અને સત્તાધારી પક્ષ એ રીતે વર્તી રહ્યો છે કે જાણે તેઓ કાયદા કે સિધ્ધાંતોને તેમના ફાયદા મુજબ તેનું અર્થઘટન કરી શકે અથવા તેનો ઉપયોગ કરી શકે.

કેટલાક લેવાયેલા પગલાંને કારણે દેશમાં ભારે હાલાકીના દિવસો પેદા થયા છે.અર્થતંત્ર મદીનો માર સહન કરી રહ્યું છે. ઉદ્યોગોમાં ઉત્પાદનની પ્રક્રિયા પર તેની ઝાઝી અસરો પડી છે. પરિણામે જીડીપીનો દર નીચલા સ્તરે જવા લાગ્યો છે.માત્ર ચુંટણીઓ જીતી જવાથી કે મોટા મોટા પ્રોજેકટોના ઉદઘાટનો કર્યા કરવાથી દેશનો વિકાસ કે પ્રગતિ થઈ જવાની નથી.જેમકે બુલેટ ટ્રેનનો પ્રોજેકટના આરંભકાળ તેના પાર્ટસ બનાવતી કંપનીએ હલકી ગુણવત્તા ધરાવતા સ્પેર પાર્ટસ બનાવ્યા હોવાની કબુલાત પછી આપણે વિચારવાનું રહે છે કે આપણે તેમાં કેટલા સફળ નીવડીશું.

## મંતવ્ય

ભાજપના સાંસદ વરુણ ગાંધીએ ચુંટણી પંચની આકરી ટીકા કરતાં કહ્યુ હતું કે તે નહોર વિનાનો વાઘ છે.ચુંટણી લડવા માટે તમામ રાજકીય પક્ષો કરોડોનો ધુમાડો કરે છે પણ આજ સુધી કોઈ પક્ષે ચુંટણી ખર્ચનો હિસાબ આપ્યો નથી,ને ચુંટણી પંચે કોઈ પક્ષને અમાન્ય ઠેરવ્યો નથી.આમ ભાજપના સાંસદે કરેલી ટીકાથી ખુદ ભાજપ સત્તાધારી પક્ષ હોવાથી તેમને નીચાજોણું થયું છે.વરુણ ગાંધીએ કહ્યુ તે સત્ય છે તેમના લગીરે શક નથી.

હિમાચલ પ્રદેશ અને ગુજરાતની ચુંટણીઓ એક સાથે જાહેર નહીં કરવા માટે કોંગ્રેસ દ્વારા જયારે ચુંટણી પંચની ટીકા કરવામાં આવી રહી છે.અને પંચ કેન્દ્ર સરકારના દબાણ હેઠળ કામ કરી રહ્યુ છે તેવા આક્ષેપો કરાઈ રહ્યા છેત્યારે વરુણ ગાંધીની ટીકા અસરકારક બની છે.વરુણ ગાંધી એ કહ્યુ હતું કે ચુંટણી પંચનુ કાર્ય બંધારણના પરિશિષ્ટ ૩૨૪ મુજબ નિષ્પક્ષ અને ન્યાયી ચુંટણી યોજવાનું છે. પણ ચુંટણી પુરી થયા પછી તે કોઈ કાનુની કેસ કરી શકતું નથી.કેસ કરવા સુપ્રીમમાં જવું પડે.

હિમાચલ અને ગુજરાતમાં એકી સાથે ચુંટણીની જાહેરાત કરી શકાત પરંતુ ગુજરાતને તેમાંથી બાકાત રાખવા પાછળનું કારણ ચુંટણી પંચે જાહેર કરવું પડે. સત્તાધારી પક્ષની કોઈપણ બદદાનત હોય તો તેમાં ચુંટણીપંચ મદદ કરી શકે નહીં. કારણે બંધારણ પરિશિષ્ટ ૩૨૪ મુજબ નિષ્પક્ષ અને ન્યાયી ચુંટણી યોજવાનું કામ તેણે કરવાનું છે.ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી માટે ચુંટણી જીતવી એ મોટુ લક્ષ છે.કારણકે તાજેતરમાં તેમનો ગ્રાફ નીચ ગયો છે.તેથી સત્તાધારી પક્ષ તેની તમામ શક્તિઓનો ઉપયોગ આ ચુટણીમાં કરશે તે દેખાય છે.પરંતુ નહોર વિનાનો વાઘ શું કરી શકશે ?

મનહરભાઈ. કે પરમાર

વિશ્વમાં જંગલો દ્વારા જેટલો પણ ઓક્સિજન ઉત્પન કરવામાં આવે છે તે બધામાં ૨૦ ટકા જેટલો ઓક્સિજન એમેઝોનના વરસાદી જંગલો દ્વારા પેદા કરવામાં આવે છે.

વર્લ્ડ ચેમ્પીયન ચેસ પ્લેયર ગેરી કાસ્પારોવ સૌથી નાની ઉંમરે વર્લ્ડ ચેમ્પીયન બનવાની સિધ્ધિને વરેલા છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## ગુનેગારો પ્રત્યે માનવતાવાદી અભિગમ રાખવો જરુરી :પેરોલ-ફર્લોના કાયદામાં સુધારણા જરુરી : સુપ્રીમ કોર્ટ



સુપ્રીમ કોર્ટે એક મહત્વના ચુકાદામાં કહ્યુ હતું કે ગુનેગારોને પણ શુધ્ધ હવા લેવાનો હક્ક છે અને તેમના સામાજીક બંધન જાળવી રાખવાની તેમને મંજુરી મળવી જોઈએ. હા. તેના માટે શરત છે કે તેઓ સુધરવા માટે તૈયાર હોવા જોઈએ.લાંબા ગાળાની જેલની સજા ભોગવી રહેલા ગુનેગારોના પેરોલ કે ફર્લો મંજુર કરવાના મામલે માનવતાવાદી અભિગમ અપનાવવાની તરફેણ કરી છે. કોર્ટે આ સાથે જ સ્પષ્ટ કર્યુ કે કેદીને તેને કરાયેલી સજા તો જેલમાં પુરી કરવી પડશે.

જસ્ટીસ એ.કે.સિકરી અને અશોક ભુષણની બેન્ચે પેરોલ અને ફર્લો અંગે એક ૧૯૫૫માં ઘડાયેલા નિયમોમાં સુધાર કરવા કહ્યુ છે.કોર્ટે કહ્યુ છે કે । જુના નિયમો જડ છે.કોર્ટે કહ્યુ કે સજા કરવાનો હેતુ ગુનેગારને સુધારવાનો છે. કોર્ટે તેના ચુકાદાની નકલ ન્યાય મંત્રાલયને મોકલી દેવાનો પણ આદેશ કર્યો છે.

## અમેરિકામાં ઈતિહાસનું ઘાતકી શુટઆઉટ : ૫૮ના મોત અનેકો ઘાયલ

અમેરિકામાં આવેલી જુગારની નગરી ગણાતાં લાસ વેગાસ ખાતે આયોજિત મ્યુઝિક ફેસ્ટીવલમાં એક હુમલાખોરે અંધાધુધ ગોળીબાર કરતાં ઓછામાં ઓછા ૫૮ લોકોના મોત નિપજ્યાં હતા.અનેકો ઈજાગ્રસ્ત બન્યા હતા. જેમાં ઈજાગ્રસ્તો પૈકીની ઘણાની હાલત ગંભીર બતાવાઈ હતી.અમેરિકી ઈતિહાસમાં આ સૌથી ઘાતકી શુટિંગની ઘટના છે.

હુમલાખોર કેસિનોની હોટલના ૩૨માં માળે ચઢીને ઓટોમેટિક બંધુકમાંથી લોકો પર ગોળીઓ વરસાવી હતી.કેસીનો પરિસરમાં ચાલી રહેલી કોન્સર્ટમાં તે સમયે આશરે ૨૨૦૦૦ લોકો સામેલ હતાં.હુમલાખોર ૬૪ વર્ષીય સ્ટીફન પેડોકની પાસે પોલીસ પહોચે તે પહેલાં તેણે પોતાને ઠાર માર્યો હતો.હોટેલના રુમમાં પેડોકે મોટી સંખ્યામાં શસ્ત્રોનો સંગ્રહ કરી રાખ્યો હતો. પેટ્રીક નેવાડાનો રહેવાસી હતો.જો કે ઈસ્લામિક સ્ટેટે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી.હુમલાખોરે થોડા ક મહિના પહેલા ઈસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો હતો.જો કે અમરિકી સત્તાવાળાઓએ ઈસ્લામિક સ્ટેટની હરકત બાબતે હજુ સુધી કોઈ ફોડ પાડ્યો નથી.તેઓ હજુ સુધી કોઈ નિર્કષ પર પહોચ્યા નથી.પરંતુ આ બાબતે વધુ તપાસ બાદ સત્ય બહાર આવશે ત્યારે જ ખબર પડશે.

## દક્ષિણના જાણીતા અભિનેતા,ખલનાયક પ્રકાશ રાજે વડાપ્રધાન મોદીને સૌથી મોટા એકટર ગણાવ્યા

એક મહિના પહેલાં પત્રકાર ગૌરી લંકેશની હત્યા થઈ હતી.પરંતુ આ હત્યાના મામલે વડાપ્રધાન મોદીએ મૌન સેવતાં દક્ષિણના જાણીતા અભિનેતા,ખલનાયક પ્રકાશ રાજે પોતાના એવોર્ડ પરત કરવા માંગે છે ને તેમણે વડાપ્રધાનને સૌથી મોટા એકટર ગણાવ્યા હતા.પ્રકાશ રાજે બેંગલુરમાં જણાવ્યુ હતું કે ગૌરી લંકેશની હત્યા જેવી ઘાતકી ઘટનાને ટ્વિટર પર સેલીબ્રેટ કરનારા લોકોમાંના કેટલાક એવા છે જેને વડાપ્રધાન મોદી ફોલો કરે છે.આ વાતને કારણે મને ચિંતા થાય છે કે આપણો દેશ કયાં જઈ રહ્યો છે ?

બીજેપી પ્રવક્તા નવીન કોહલી કહે છે કે પ્રકાશ રાજે તેમનો ગુસ્સો કોંગ્રેસ પર કાઢવો જોઈએ કારણકે કર્ણાટકમાં તેમની સરકાર છે. કોહલીએ કહ્યુ છે કે આ ખોટી પ્રાથમિકતાનો કેસ છે.કારણકે રાજ ખરેખર તો આ સવાલ રાજયની કોંગ્રેસ સરકારને પુછવો જોઈએ કારણ કે પોલીસ રાજ્ય સરકારની નીચે કામ કરે છે.શા માટે પોલીસે હજુ સુધી હત્યારાઓને શોધી કાઢ્યા નથી.પ્રકાશ ગૌરીના ખુબ જ સારા મિત્ર હતા. વિવિધ સમાચાર પત્રોમાં જણાવવામાં આવ્યું છે કે પ્રકાશ રાજેએ કહ્યુ હતું કે પીએમ મારા કરતાં પણ મોટા એકટર બનવાનો પ્રયત્ન કરી રહ્યા છે.હવે ભકતજનોની લપેટમાં પ્રકાશ રાજ આવી જશે તેવું લાગી રહ્યું છે.કારણકે તેમણે કોને લલકાર કર્યો છે તે તેઓ જાણતા નથી.

## જેના પર વિશ્વાસ મુક્યો હતો એજ હવે વિશ્વાસઘાત કરે છે : રાજ ઠાકરે

મુંબઈના એલ્ફિસ્ટન રોજ સ્ટેશન પર બનેલી ઘટનાના વિરોધમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા ઠાકરે હજારો મનસેના કાર્યકરો સાથે મેટ્રો સિનેમાથી ચર્ચ ગેટ સ્ટેશન સુધીનો મોરચો કાઢ્યો હતો.જો કે પોલીસે તેમને એ મોરચા માટે પરવાનગી આપી નહોતી.તેથી ચર્ચગેટ સ્ટેશન પર મેકશિફ્ટ સ્ટેજ પરથી તેમણે રેલીને સંબોધી હતી.

રેલીમાં રાજ ઠાકરેએ કહ્યુ હતું કે મોદી જેવા જુઠ્ઠા વડાપ્રધાન આજ સુધી જોયા નતી.એટલું જ નહીં તેણે રેલવે તંત્ર અને મોદી સરકાર બંન્નેને ચીમકી આપતાં કહ્યુ હતું કે વહેલી તકે સુધરી જાવ નહી તો જોવા જેવી થશે.આ મોરચો તો શાંતિપુર્ણ કાઢ્યો હતો પણ હવે પછીનો મોરચો શાંતિપુર્ણ નહીં હોય.આ મોરચામાં મનસેના હજારો કાર્યકરો જોડાયા હતા. રાજ ઠાકરેએ સેન્ટ્ર અને વેસ્ટર્ન એમ બંને લાઈનમાં રેલવે સ્ટેશન પર બેસતાં ફેરિયાઓને ૧૫ દિવસમાં હટાવવાનું અલ્ટિમેટમ આપ્યું છે.અને કહ્યુ હતું કે જો તંત્ર એ કામ નહીં કરે તો અમારા કાર્યકરો એ કામ કરશે.આટલા વર્ષો સુધી આ બધા પ્રશ્નોનો ઉકેલ નથી આવતો એનો ગુસ્સો છે.

પહેલાંની સરકારમાં જે પરિસ્થિતિ હતી એ પરિસ્થિતિ આજે પણ છે.જેમના પર વિશ્વાસ ન મુક્યો હતો એ જો વિશ્વાસઘાત કરે તો એક વાર સમજી લઈએ પણ જેના પર વિશ્વાસ મુક્યો હોય એ જ હવે વિશ્વાસઘાત કરે છે. એથી મને મોદી પર ગુસ્સો છે.દેશભરના નાગરિકોએ તેમને આટલો પ્રેમ આપ્યો તેમના પર વિશ્વાસ મુક્યો તેનું તેમણે શું કર્યુ ?

## જાણવા જેવું !

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપુ વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.

૧૯મી સદીમ ં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

શાર્કનું આયુષ્ય ૧૦૦ વર્ષ કરતાં વધુ હોય છે.

## ભુખ્યા કાજે ભોજન બનજે .....

મિલ્ક નગરી તરીકે જાણીતું શહેર એટલે આણંદ.આ શહેરનું પાડોશી નગર વલ્લભવિદ્યાનગર છે. વિદ્યાનું ધામ વિદ્યાનગરમાં હજારો વિદ્યાર્થીઓ વિદ્યા લઇ રહ્યા છે.,લઇ ચુક્યા છે અને ભાવિ પેઢી તૈયાર થઇ રહી છે.વિદ્યાનગરનું મુખ્ય મથક આણંદ તેથી આણંદમાં જ મોટે ભાગે કચેરીઓનું મુખ્ય વહીવટ થાય છે. આણંદનું નામ આવે એટલે અમુલની ડેરીની યાદ અચુક અપાવે.આણંદમાં અમુલ ડેરી આવેલી છે જે એશિયાની સૌથી મોટી ડેરીઓ પૈકીની છે.આજે ઘેર બાળકોમાં એક જાહેરાત પ્રખ્યાત બની હોય તો તે છે ‘અમુલ દુધ પીતા હે ઇન્ડીયા’. આ ડેરીને ઉગમણે જઇએ એટલે એક મોટું રેલ્વે સ્ટેશન આવેલું છે. રેલવે સ્ટેશનના પગથિયે લાખોની મેદની ગઢ ઉતર કરતી જોવા મળતી હોય છે.આસપાસ વસતા લોકોને ટ્રેનનો અવાજ સાંભળવાની આદત પડી નથી પણ ટેવાઇ ગયા છે.આ રેલવે સ્ટેશન પર કોઇ વાતચીતમાં મશગુલ હોય છે. કોઇ મોબાઇલ દુનીયામાં હોય છે, કોઇ બે ખભે સામાનના થેલાઓ ભરાવીને જતું હોય છે.બાળકો ગમ્મત ગુલાલ કરતા હોય છે.આવા અનેક દૃશ્યામાં એક વરવું દશ્ય હતું એક ચીથરેહાલ ભિખારીનું. ભિખારીના હાથમાં એક વાટકો હતો.વાળ અસ્ત વ્યસ્ત હતા. પગ,પગરખાં વિના હતા. કાયા અશક્ત હતી.તેના ભીખ માંગવા પરથી જણાતું હતું ભિખારીને કપડા એ પગરખાં કરતાં અન્નની જરુર વધારે છે.ભિખારીએ ઘણાંય મુસાફરો પાસેથી ભીખની માંગણી કરી પણ કોઇ મુસાફરે કંઇ આપ્યુ નહી અને કોઇએ આંખ આડા કાન કર્યા. કોઇએ મુખ ફેરવી લીધું અને કોઇએ ફાંગી નજરે જોઇ લીધું. ભિખારીને ભુખ અસહ્ય થઇ પડી આથી તે ભિખારી રેલવેની પટરી પરથી ઉતર્યો. ટ્રેનનો આવવાનો સમય થઇ ચુક્યો હતો. રેલવે સ્ટેશનના બંન્ને તરફના લોકોનું ધ્યાન તેના તરફ ગયું. લોકોને મનમાં ધ્રાસ્કો પડ્યો કે હવે ભિખારીનું મોત નિશ્ચિત છે. ભિખારી પટરી મધ્યે કોઇ મુસાફરે ફેકેલું ભોજન ઉપાડી એક એક કોળીયો મોંમાં નાખતો ભુખ સંતાષી રહ્યો હતો. આ બેનમુન દૃશ્ય રેલવે સ્ટેશન પર ઉભેલા સૌ મુસાફરો જોઇ રહ્યા હતા.

આપણા દેશમાં હજારો માનવીઓ ભુખ્યા પેટે રાત્રે સુઇ જતા હોય છે.જિંદગીમાં ભુખ્યા પેટે સુઇ જઇને કેટલીય રાત્રિ આમ પસાર કરી હશે. ફુટપાથ, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન કે દુકાનોના ઓટલે વગેરે સ્થળોએ નિર્દન ભિખારીઓ સાર્દશ જોવા મળતા હોય ચે.અન્ન માટે જ્યાં ત્યાં રઝળવું પડતું હોય છે.ક્યાંક ભીખમાં મળતું હોય છે. તો ક્યાં ઝોળી ખાલી લઇને પરત આવવું પડતું હોય છે.દયામણા મુખે ઘરના ઉંબરે ઊભા રહી ઘડીક અન્નની માંગણી કરતા હોય છે. ભીખ માંગતા કોઇ ઘરમાં બે-ત્રણ રોટલી ખીચડી શાક મળી જતું હોય છે.જ્યારે કોઇ ઘરમાં ઠપકો મળી જતો હોય છે.તેમજ હડધુત કરી બારણાં વાસી દેવામાં આવતા હોય છે. આપણા રહેઠાણની આસપાસ સોસાયટીઓમાં એક વિહંગાલોકન કરીએ તો સાંજનું વાળું કરીને વધેલો ખોરાક એટલો બધો વધી જતો હોય છે કે એક- બે છોટા હાથી ગાડીઓ ભરાય જાય.શહેરનો વધેલો ખોરાક ભેગો કરવામાં આવે તો લગભગ પાંચ દશ ગાડીઓ ભરાય અને વધે.

ભુખ્યાને ભોજન મળે તે હેતુસર મધર ટેરેસા એક ટિનનો ડબ્બો લઇને જતાં આને દેવળમાં લોકોને કહેતાં તમારા ઘરમાં વધેલા ખોરાકને ફેંકી દેશો નહીં. કોલકત્તામાં સિસ્ટરો ટિનનો ડબ્બો લઇને લોકોના ઘરે જતા, વધેલો ખોરાક ઉઘરાવતાં અનો ગરીબોને ખવડાવતાં.મધર ટેરેસા વિમાનમાં પરિચારિકાઓને કહેતાં કે જે વધો ખોરાક તમે મને આપી શકો છો તો હું મારી સાથે લઇ જઇશ. વધેલા ખોરાકની માંગણી કરીને તેઓ ગરીબ લોકોને ખવડાવતા. એક ધર્મગરુને મારે ઘણીવાર મળવાનું થાય છે. તેઓ ભોજન કરે ત્યારે તેમની થાળીમાં એકપણ અન્નનો દાણો વધેલો જોવા ન મળે છે પોતે આ નિયમ પાળે છે અને છાત્રાલયના બાળકોને નિયમનું પાલન કરાવે છે.તેઓ અન્નનો બગાડના થાય તેના પુરેપુરા આગ્રહી છે.મારી શાળાના એક શિક્ષક મિત્ર ભોજનાલયમાં જમવા બેસે ત્યારે ભોજન કર્યા બાદ તેમની થાળીમાં જાણે કે ભોજન લીધું ના હોય તેવી જોવા મળે છે.થાળીને ફરી સાફ ના કરવી પડે તેવી હોય છે.છાત્રાલયમાં હતા તે વખતે એક કડક નિયમ હતો જમ્યા બાદ થાળીમાં અને આસપાસ એક પણ દાણો વધેલો ના હોવો જોઇએ. જે કોઇ ખોરાકનો બગાડ કરે તેને કડક નિયમ પ્રમાણે સજા પણથતી..કોલેજમાં હતા તે અરસામાં અમે સૌરાષ્ટ્રના પ્રવાસે ગયા હતા. પ્રવાસના સ્થળો નક્કી થયા હતા તેમાં જલારામ બાપાનું મંદિર વિરપુર પણ હતું.્મે વિરપુર પહોચ્યા ત્યારે અંધારાનું સામ્રાજ્ય સ્થપાઇ ચુક્યું હતું. ભુખ કકડીને લાગી હતી. પેટ કહે હવે મારુજ કામ. વીરપુરમાં અમને ભોજનની વ્યવસ્થા થઇ ગઇ હતી.વીરપુરમાં ધામમાં જે કોઇ ભક્તો,પ્રવાસીઓ આવે તેને ભોજન કરાવે છે. અને દીનદુઃખી ભુખ્યાને પણ ભોજન કરાવે છે. તાજેતરમાં જ મે એક દુર્લભ ફોટો જોયો.એક મુસાફર બહેન એક નિઃવસ્ત્ર અને દેહ સાથે ચામડી ચોંટી ગઇ હતી તેવા નિર્દન બાળકને બિસ્કીટ ખવડાવી અને ઠંડુ પાણી પીવડાવી રહી હતી.

કવિ કરસનદાસ માણેક આપણને ખુબ સારી પંક્તિ આપી ગયા છે. ભુખ્યા કાજે ભોજન બનજે.તરસ્યાનું જળ થાજે. કવિના શબ્દોમાં બળ છે મર્મ એ છે કે ભુખ્યા-તરસ્યા માનવીને પડખે ઉભા રહો. આપણે બત્રીસ-તેત્રીસ વાનગીઓનું ભોજન આરોગીએ ત્યારે કોઇ પાડોશમાં ભુખ્યું કે અર્ધ ભુખ્યું સુઇ ગયું હોય છે.આપણા માનવ બંધુઓ પર એક નજર નાંખીએ. આપણું થોડું સુખ જતુ કરીને બે મુઠ્ઠી જાર બીજાને આપીએ અન ભુખ્યા કાજે ભોજન બનીએ.

મથુર વસાવા

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે
ડિઝાઇનર કાર મળશે
મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
**અમી સર્જીકલ**
**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે ગૌરક્ષકોને કોઇથી ડરવાની જરુર નથી કહીને તેમનું મનોબળ વધાર્યું

દશેરાના પર્વ નિમિત્તે પરંપરાગત ભાષણમાં સંઘના વડા મોહન ભાગવતે ગૌરક્ષકોનું મનોબળ વધારતાં કહ્યુ હતું કે તેઓએ કોઇનાથી ડરવાની જરુર નથી.તેમણે ગૌરક્ષકોને કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટ કે સરકારમાં બેઠેલા તેમના નેતાઓથી પણ ડરવાની જરુર નથી.જો તેમણે એવું પણ કહ્યુ હતું કે ગૌરક્ષાના નામે થી હિંસા યોગ્ય નથી. હત્યા અને દાણચોરીથી ગાયોને બચાવવા કામ કરતાં ગૌરક્ષકો કોઇ પ્રકારની હિંસા સાથે સંકળાયેલા નથી.સાચા ગૌરક્ષકો અને અપરાધિક તત્વો વચ્ચે તફાવત રજુ કરતાં તેમણે કહ્યુ હતું કે વાસ્તવિકતા જાણ્યા વિના ગૌરક્ષાને હિંસા અને કોમી લાગણીઓ સાથે ગૌરક્ષકોને સાંકળવા જોઇએ નહીં. જે લોકો ગૌરક્ષકોના નામે હિંસા આચરે છે તેઓ કોણ છે તેનું સ્પષ્ટીકરણ તેમણે કર્યું નથી.પરંતુ તેમણે એમ કહીને વાતને બદલી છે. કે ગૌરક્ષાની સામે બદઈરાદા સાથેનું અભિયાન ચાલી રહ્યું છે. ગાયોની રક્ષામાં સાચી રીતે જોડાયેલા લોકોએ સુપ્રીમ કોર્ટ દ્વારા કરાતી ટિપ્પણીઓ અથવા તો સરકારમાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલા લોકોના નિવેદનોથી ડરવાની જરુર નથી.વડાપ્રધાને ગૌરક્ષકોના નામે ગુંડાગીરી આચરી રહેલા તત્વો સામે કડકાઇભર્યા નિવેદનો આપ્યા હતા અને કડક હાથે કામ લેવાની સુચના પણ આપી હતી.

ભાગવતે કહ્યુ હતું કે ગૌરક્ષાને કોઇ ધર્મ સાથે ન જોડો.તમામ ધર્મના લોકો ગૌરક્ષાના કામમાં જોડાયા છે.દેશમાં ગૌરક્ષકોની પણ હત્યા થઇ છે.યુપીમાં ગૌરક્ષા માટે ફક્ત બજરંગદળના લોકોજ નહીં. પરંતુ મુસ્લીમ પણ શહીદ થયાં છે.ઘણાં મુસ્લીમો ગૌરક્ષાની પ્રવૃત્તિમાં જોડાયેલા છે.ઘણા મુસ્લીમો ગૌશાળા ચલાવી રહ્યા છે.કેટલાંક મુસ્લીમોએ જ મને જણાવ્યુ હતું કે ગૌરક્ષા સામે ચલાવાતાં બદઈરાદાપુર્વકના અભિયાનને કારણે વિવિધ ધર્મના લોકો વચ્ચે બીનજરુરી તણાવ વધે છે.

વધુમાં ભાગવતે કહ્યુ હતું કે જમ્મુ-કાશ્મીરના રહેવાસીઓને મુખ્ય પ્રવાહમાં લાવવા બંધારણીય સુધારા કરવા પડશે.ત્યારે જ આ રાજ્યના લોકો બાકીના ભારત સાથે જોડાઇ શકશે.દેશના વિકારમાં તેમની સમાન ભાગીદારી હશે. આપણી સેનાઓ રાજ્યમાં આતંકવાદ સામે અને એલઓસી પર પાકિસ્તાનના યુધ્ધવિરામ ઉલ્લંઘન સામે આકરાં પગલાં લઇ રહી છે.તેમ છતાં રાજ્યને મુખ્ય ધારામાં લાવવા હજુ ઘણાં કામ કરવાં પડશે.કાશ્મીરી પંડિતો નાગરિક અધિકારોથી વંચિત છે.કાશ્મીરના લોકોને આત્મીયતાનો અનુભવ કરાવવો પડશે.

## ચીનમાં મુસ્લીમોને કુરાન સહિત ધાર્મિક ચીજો જમા કરાવવા ફરમાન

ચીનના સત્તાવાળાઓએ તેમના દેશમાં રહેતા મુસ્લીમોને તેમનુ કુરાન અને અન્ય તમામ ધાર્મિક ચીજો જમા કરાવવા આદેશ આપ્યો છે.ચીનના મુસ્લીમોની ફરિયાદ છે કે તેમને નમાજ પઢવાની ચટ્ટાઇ અને કુરાનનું પુસ્તક પોલીસને સોંપવા ફરમાન કરાયું છે. જો તેઓ આદેશનું પાલન ન કરે તો સજા ભોગવવા તૈયાર રહેવા કહેવાયું છે.ચીની અધીકારીઓએ દાવો કર્યા છે કે કુરાનમાં કટ્ટરવાદને ફેલાવે તેવી સામગ્રી છે.ૅચીીનના શિન્ઝીયાંગ પ્રાંતના અધિકારીઓએ ઉઇઘુર સમુદાયને ચેતવણી આપી છે કે તેમણે તમામ ધાર્મિક સામગ્રી તત્કાળ પોલીસમાં જમા કરાવવી અન્યથા આકરામાં આકરી સજા કરાશે.જો કે ચીનનાં વિદેશમંત્રાલયે આ અહેવાલને રદિયો આપ્યો છે. ઉઇધુર કોગ્રેસના એક નેતાઓ યુએસના રેડીયો ફ્રી એશિયાને જણાવ્યુ હતું કે ઉઇગુર સમુદાયને તેમના ઘરમાં રાખવામાં આવેલી ઈસ્લામ ધર્મની તમામ ચીજો જેવી કે કુરાન, નમાજ પઢવાની ચટ્ટાઇ ચીનના અધિકારીઓને સોંપી દેવી પડશે.કઝાખસ્તાન અને કિંગિસ્તાનમાં રહેતાં મુસ્લીમોને પણ આવો આદેશ આપવામાં આવ્યો છે.ચીનમાં સામ્યવાદ એજ ધર્મ છે. અન્ય કોઇ ધર્મને ત્યાં સ્થાન નથી.ખ્રિસ્તીઓની પણ આજ હાલત છે.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઇન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઇ ધરાવે છે.

★ **નીલા ફાઇનાન્સ** ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# જોસેફ મેકવાનના ૮૨માં જન્મ દિવસ નિમિત્તે 'વ્યથાના વિતક'કાર્યક્રમનું ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સંયુક્ત આયોજન



જોસેફ મેકવાનના ૮૨માં જન્મ દિવસ નિમિત્તે ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સંયુક્ત રીતે 'વ્યથાના વિતક'કાર્યક્રમનું આયોજન થયું હતું.જેમાં જોસેફ મેકવાનના પુત્ર ચંદ્રવદન મેકવાને તેમના પિતાના જીવનકાળ વિશે વર્ણન કરતાં જણાવ્યુ હતું કે,મારા પિતાએ ૬ વર્ષની કુમળી વયે પોતાની માતા ગુમાવી હતી.પોતાની માતાની ઈચ્છા વિરુધ્ધ જઇને તેમના પિતાએ બીજા લગ્ન કર્યા હતા. તેના ગુસ્સામાં તેમની માતાએ ઝેર પીધું.માતા ગુમાવ્યાના આઘાતમાં તેમના એક કાકાનું અવસાન થયું અને જે ખુબ પ્રેમ આપતા એવા બીજા કાકાએ ઘર છોડ્યું.આમ, ટુંકા ગાળામાં તેમણે પોતાના જીવનમાં આવેલા બદલાવ જોયા.સાવકી માં પાસે હંમેશા હુંફ અને સ્નેહના અભાવ વચ્ચે તેમનું બાળપણ વીત્યું.નકારાત્મકતાઓ અને વિષમતાઓ રહ્યા હોવા છતાં તે હંમેશા જે પણ તેમના સંપર્કમાં આવ્યા તેના પર પ્રેમ અને લાગણી કંઇ રીતે વરસાવી શક્યા તે સવાલ છે.તેમણે પરિસ્થિતિનો ભોગ બનવાને બદલે પરિસ્થિતિને પ્રતિભાવ આપવાનું શરુ કર્યુ.

જોસેફ મેકવાનની સાહિત્યસૃષ્ટિ વિશે વાત કરતાં તેમના પરમ મિત્ર મણિલાલ હ.પટેલે જણાવ્યુ હતું કે બહુ ઓછા એવા સદ્‌ભાગી સાહિત્યકારો હોય છે, જેને તેના પાત્રો સાંજે મળવા આવે. એક સર્જકે ચાર વસ્તુ સામે લડવું પડે છે.સત્તા,સમાજ,કુટુંબ અને જાત સાથેની લડાઈ. આજ લડાઈ આપણને જોસેફ મેકવાનના પાત્રોમાં પણ દેખાય છે.એ નવું ગોરપદું દેખાય છે.એ નવું ગોરપદું કરતાં ડોકટર હતા.જે તેમને ઈશ્વર પેટલીકરે શીખવ્યુ હતું.એ એવા ગોર હતા જે પરણાવી પણ આપે અને જીવન પણ ચલાવી આપે.અનેક વાર એવું બનતું કે તેઓ જમવા બેઠા હોય અને કોઇ પોતાની સમસ્યા લઈને આવે અને ભાણું ઠરી જાય અથવા પડ્યું રહે અને તેઓ પોલીસ સ્ટેશને પહોચ્યા હોય અથવા કોઇ દીકરીના લગ્નજીવનને બચાવવા ટ્રેઈનની ટીકીટ લઈને ગાડીમાં બેસી ગયા હોય.સાહિત્યકાર આપણું કેથાર્સીસ કરે છે. એ પહેલા મનને ઓગાળી દે છે. પછી વેદનાના ઘા કરે છે. પછી જે પ્રશાંતિનો અનુભવ કરાવે છે, એ આપણને વેઠવા તૈયાર કરે છે.

આ પ્રસંગે સમાજમિત્રના ખાસ અંક 'પીડીતોની પ્રહરી-વંચિતાની વાચાઃ સર્જક જોસેફ મેકવાન' નું વિમોચન કરવામાં આવ્યું હતું.

# દેશના અર્થતંત્રનું ચીરહરણ થવા નહી દઉ, હું ભીષ્મ છું. : યશવંતસિંહા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની આર્થિક નીતિઓની ટીકાના જવાબમાં દેશમાં નિરાશાજનક માહોલ ઉભો કરનારા મહાભારતના પાત્ર 'શલ્ય'નું ઉદાહરણ આપ્યું હતું. જેના જવાબમાં યશવંતસિંહાએ કહ્યુ હતું કે હું શલ્ય નથી, પણ ભીષ્મ પિતામહ છું અને દેશના અર્થતંત્રનું ચીરહરણ નહી થવા દઉ.સિંહાએ કહ્યુ હતું કે વડાપ્રધાન અર્થતંત્ર વિશે બોલ્ય તે સારી વાત છે.બાજપેયી સરકારમાં કેબિનેટ મંત્રી રહી ચુકેલા યશવંતસિંહાએ કહ્યુ કે આપણે આશાવાદી છીએ કે નિરાશાવાદી તે મહત્વનું નથી.અમે કે બીજા કોઇએ જે મુદ્દા ઉઠાવ્યા તેના પ ર સરાર ગંભીરતાથી વિચારણા કરે તે જરુરી છે.દેશ અને અર્થતંત્ર સામે જે પડકાર અને સંકટ છે તે દુર થવા જોઇએ. વડાપ્રધાન મોદીએ આંકડા રજુ કરીને સરકારની ટીકાનો જવાબ આપ્યો તેના સંદર્ભમાં સિંહાએ કહ્યુ કે આંકડાની રમત ખતરનાક હોય છે.છ મહિનાથી વૃધ્ધિદર ઘટી રહ્યો છે. ૨૦૧૯માં ચુંટણી આવશે તો લોકો એવું નહી પુછે કે યુપીએની સરખામણીમાં તમે કેવું કામ કર્યુ છે.લોકો એ જ પુછશે કે તેમે જે વચનો આપ્યા હતા તે પુરા થયા કે નહીં.

સિંહાએ કહ્યુ હતું કે શલ્ય કૌરવોના પક્ષમાં કેવી રીતે ગયા તે બધાને ખબર છે.નકુલ-સહદેવના મામા શલ્ય દુર્યોધનના કપટનો ભોગ બન્યા હતા.મહાભારતમાં એક સારુ ચરિત્ર છે ભીષ્મ પિતામહનું. આજે પણ ઈતિહાસમાં દ્રોપદીના ચીરહરણ વખતે મૌન રહેવા માટે તેમને દોષિત મનાય છે.અર્થતંત્રનું ચીરહરણ થતું હોય ત્યારે હું ચુપ નહી રહું.

# જઘન્ય ગુનામાં સમાધાન થાય તો પણ કેસ ચાલશે : સુપ્રીમ કોર્ટ

હત્યા અને બળાત્કાર કેસ જેવા જઘન્ય ગુનાઓમાં જો પીડીત કે તેનો પરિવાર આરોપી સાથે સુલટાવી લે તો પણ તેની સામેની કાયદેસરની કાર્યવાહી રદ નહી થાય તેવો મહત્વનો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો હતો.ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના અધ્યક્ષપદ હેઠળ મળેલી બેન્ચે જણાવ્યુ હતું કે હત્યા,બળાત્કાર અને ડકેતી જેવા ગુનાઓ અથવા માનસિક ઉદ્ધતાને આવરી લેતા ગંભીર ગુનાઓનું સ્વરુપ ખાનગી નથી હોતું.તેની સમાજ પર ગંભીર અસર પડે છે.આથી તે ગુનાઓ રદ ન કરી શકાય.આવા ગંભીર ગુનાઓ માટે આરોપીઓને સજા કરવામાં જાહેર હિત પણ સંકળાયેલું છે.તેમ બેન્ચે ઉમેર્યુ હતું.

ગુજરાતમાં કથિત રીતે જમીન



પચાવી પાડવાના કેસમાં ચાર વ્યક્તિઓ સામે નોધાયેલી એફઆઈઆરને રદ કરવાનું નકારતાં ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને યોગ્ય ઠેરવી કોર્ટે આ તારણ આપ્યું હતું.કોર્ટે નોધ્યું હતું કેજ્યારે ગુનેગાર નાણાંકીય અથવા આર્થિક છેતરપીડીં અથવા ગેરવર્તન જેવી પ્રવૃત્તિમાં સામેલ હોય તો તે કેસ રદ કરવામાં હાઈકોર્ટે કરેલો ઈન્કાર વ્યાજબી છે.

# મોદીને સત્તાનું સુકાન છોડી દઇને કોગ્રેસને સત્તા સોપી દેવા રાહુલ ગાંધીનો અનુરોધ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકાર પ્રહારો કરતાં કોગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ કહ્યુ કે દેશના નેતાએ હકીકતોને ભ્રામક બનાવવાને બદલે તેને સ્વીકારી લેવી જોઇએ. આની સાથે જ તેમણે કબુલી લેવું જોઇએ કે પોતની સરકારની નિષ્ફળતાને પણ કબુલી લેવી જોઇએ. બહાનાઓ કરીને અને કે નિરાશાવાદીઓ વાતાવરણ બગાડી રહ્યા છે તેમ કહેવાને બદલે વડાપ્રધાને ઉભા થવું જોઇએ અને કહેવું જોઇએ કે અમે નિષ્ફળ રહ્યા છીએ. તેમણે મોદીને સત્તા છોડી તેનું સુકાન કોગ્રેસના હાથમાં સોપીં દેવાની માંગણી કરી હતી. પોતાના મત વિસ્તારમાં અમેઠીની એક જાહેરસભામાં સંબોધતાં રાહુલે આર્થિક મંદી મામલે મોદીએ કરેલા વળતા પ્રહારનો જવાબ આપતાં તેમની ટીકા કરી હતી.અને કહ્યુ હતું કે એનડીએ સરકાર યુપીએના શાસનના પ્રોજેકટોનુ ફરી ઉદ્‌ઘાટન કરી રહી છે.કોગ્રેસ છ મહિનામાં બધુ જ વ્યવસ્થિત કરી આપશે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.